શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

# ધોરણ - ૧૦

## વિષય – સંસ્કૃત

## સ્વાધ્યાય

### પાઠ – 6

# काष्ठखण्डः

shikshansagar.com · શિક્ષણ સાગર · The King of Education



વિધાર્થીનું નામ :

શાળાનું નામ :





## [illegible]. काष्ठखण्ड :

1) કાષ્ઠખંડ જન્મથી કયો ગુણ ધરાવે છે?
→ તરવાનો

2) આકસ્મિક જ્ઞાન પ્રાપ્ત કરવાની પરંપરા ક્યારે વિકસી હતી?
→ પ્રાચીન કાળથી ગુરુ-શિષ્ય પરંપરામાં

3) પ્રસ્તુત પાઠમાં મનુષ્ય શાનું રૂપક છે?
→ લાકડાના ટુકડાનું

4) મનુષ્યના જીવનમાં કેટલાં વિઘ્નો આલેખ્યાં છે?
→ ચાર પ્રકારના

### શબ્દાર્થ

| | |
|---|---|
| तीर - કિનારો | आहार - ખોરાક |
| वर्तमान: - સાથે થવું | भूता: - ના જેવા |
| नीयमानम् - ખેંચાતા | वस्तु तस्तु - હકીકતમાં |
| गमनमार्गे - રસ્તામાં | सेवनीया: - સેવન કરવા યોગ્ય |
| संलग्नता - ભેડાણ | काष्ठखण्ड - લાકડાનો ટુકડો |
| निमग्नता - ડૂબી જવાથી | अपेक्षित - જરૂરી |
| आवर्त - વમળ | निमज्जित: - ડૂબેલો |
| चत्वार: - ચાર | सुरापानम् - દારૂનું સેવન |
| कीदृशा: - કેવા | अक्षक्रीडा - જુગાર |
| अपृच्छत: - પૂછ્યું | परित: - ચારેબાજુ |

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

तरन्तः :- તરતો
बाधितः :- બંધન / રૂકાવટ
वियोगः :- છૂટા પડવું
निमग्नन्तः :- સાથે રહેતા
प्रतिमुखौ - વિરોધી
रक्षिता :- રક્ષાયેલો

## અનુવાદ

ગંગાનદીને કાંઠે એક ગુરુ શિષ્ય સાથે ફરતા હતા. તેમણે પાણીના પ્રવાહ વડે લઈ જવાતા કોઈ લાકડાના ટુકડાને બતાવતાં શિષ્યને કહ્યું, "આ (લાકડાનો ટુકડો) પાણીના પ્રવાહ સાથે સમુદ્રમાં પહોંચશે પણ જવાના માર્ગમાં કિનારા પરનું ભેરાણ, ભારની અધિકતાને કારણે પાણીમાં ડૂબી જવું, વમળમાં પડવું અને નદીના પાણીથી વિખૂટા પડવું - એમ ચાર વિઘ્નો નહિ હોય ત્યારે જ."

ગુરુ શિષ્યને આગળ ઉપદેશ આપે છે: "આપણે બધા મનુષ્યો પણ લાકડાના ટુકડા જેવા છીએ. આપણું જીવન જ નદી છે. આપણો પરિવાર પ્રવાહરૂપ છે. ત્યાં સ્નેહરૂપી જળ વહે છે. પોતાના પરિવારમાં જીવન જીવતા લાકડાના ટુકડાઓરૂપ આપણે સૌ જો ચાર વિઘ્નો ન હોય તો સુખથી ભરેલા સંસારસાગરમાં જરૂર પહોંચી શકીએ છીએ."

"જીવનમાં કેવા વિઘ્નો હોય છે?" શિષ્યે પૂછ્યું.

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

ગુરુએ ઉપદેશ આપતાં કહ્યું, "નદીરૂપી જીવનમાં આહાર, નિદ્રા, ભય વગેરે તીરરૂપ છે. કિનારાઓ પર જોડાણ એટલે આહાર, નિદ્રા, ભય વગેરેના સેવનમાં સતત પ્રવૃત્ત રહેવું. હકીકતમાં આહાર વગેરે સેવવાયોગ્ય હોય છે, તોપણ તેમાં સતત લાગેલા રહેવું એ વિઘ્ન જ છે. આહાર, નિદ્રા, ભય વગેરેમાં સતત પ્રવૃત્ત રહેવું એ જો વિઘ્નરૂપ બને તો કાષ્ઠખંડરૂપ આપણે સુખરૂપી સાગરમાં પહોંચી ન શકીએ."

સામાજિક વ્યવહાર ભારરૂપ બને છે. જોકે સામાજિક વ્યવહારની બધે જ અપેક્ષા રખાય છે. પરંતુ તે શક્તિનું અતિક્રમણ કરીને ન હોવો જોઈએ. જે લોકો પોતાની શક્તિ ઉપરાંત સામાજિક વ્યવહારો છે. તેઓ અતિશય ભારને લીધે ડૂબી જ જાય છે. ડૂબેલો માણસ સુખપૂર્ણ સંસારસાગરને પામી શકતો નથી.

મદિરાપાન, જુગારની રમત, તમાકુનું સેવન, ચોરી વગેરે ખરાબ વ્યસનો માનવજીવનમાં વમળ જેવાં છે. એ બધાંમાં પડેલો માણસ બહાર આવી શકતો નથી. આથી તેમાં પતન જ ન થાય તેવો પ્રયત્ન સતત કરવાનો હોય છે. જે માણસો વ્યસનોમાં પડેલા છે તેઓ તરવા છતાં એક સ્થળે ચોમેર ફરતા રહે છે. તેમની પ્રગતિ અટકી જાય છે. પછી તેઓ સુખાદિરૂપ સંસારસાગરને મેળવી શકતા નથી.

પરિવારથી વિમુખતા એ જ નદીના જળથી વિખૂટું પડવાનું છે. સામાન્ય રીતે પરિવારમાં રહેતા જ આપણે સંસારસાગરમાં પહોંચવા સમર્થ થઈએ છીએ. પરંતુ જો કોઈ માણસ સ્વાર્થને કારણે અથવા ક્રોધને કારણે પરિવારથી વિમુખ થઈ જાય છે તો તે પણ નદી (પરિવાર)ના જળ (સ્નેહ)થી વિખૂટો પડેલો ક્યારેય પણ જ્ઞાન અને સુખથી ભરપૂર એવા આનંદમય સંસારસાગરને પ્રાપ્ત કરતો નથી.

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



આર વિઘ્નોથી રક્ષાયેલા મનુષ્યો જ્ઞાન અને ગુણથી પૂર્ણ એવા આનંદમય સંસારસાગરને અવશ્ય પ્રાપ્ત કરે છે.

## સ્વાધ્યાય

પ્ર.1. अधोदत्तेभ्य: विकल्पेभ्य: समुचितम् उत्तरं चिनुत ।

1) जलप्रवाहे गुरु: शिष्यं किं दर्शयति ?
→ काष्ठखण्डम्

2) वयं सर्वे मानवा: कीदृशा: इव स्म: ?
→ काष्ठखण्डा इव

3) सामाजिको व्यवहार: कुत्र अपेक्षितो भवति ?
→ सर्वत्र

4) केषां जनानां प्रगति: बाधिता भवति ?
→ व्यसनिजनानाम्

5) गुरु: ..... सह उपविष्ट: आसीत् ।
→ शिष्येण

6) ....... प्रतिमुखत्वम् एव नदीजलवियोग: ।
→ परिपाकात्

Scanned with OKEN Scanner

7) आहारद्रव्य:..... भवन्ति।
→ सेवनीया:

8) सामाजिको व्यवहार: शक्तिमनतिक्रम्य न.....।
→ भवेत

9) गमनमार्गे .... विघ्ना: भवन्ति।
→ चत्वार:

प्र.2. एकवाक्येन संस्कृतभाषायाम् उत्तरत -

1) गुरु: कुत्र वर्तमान: आसीत् ?
→ गुरु: गङ्गातीरे वर्तमान: आसीत्।

2) गुरु: कम् उपदिशति ?
→ गुरु: शिष्यम् उपदिशति।

3) प्रवाहरूपं परिवारं किं वहति ?
→ प्रवाहरूपं परिवारं स्नेहरूपं जलं वहति।

4) कीदृशा: जना: एकस्मिन् स्थाने भ्रमन्ति ?
→ व्यसनेषु पतिता: जना: एकस्मिन् स्थाने भ्रमन्ति।

5) विघ्नरहिता: जना: कीदृशं समुद्रं प्राप्नुवन्ति ?
→ विघ्नरहिता: जना: ज्ञानेन सुखेन च पूर्णम् आनन्दमयं संसारसमुद्रं

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

Page
Date

प्राप्नुवन्ति ।

प्र.3. कृदन्तप्रकारं लिखत ।

1) आगन्तुम - हेत्वर्थक धातुसाधित तुमन्त अव्ययम
2) अतिक्रम्य - सम्बन्धकं भूतकृदन्तम (ल्यबन्त अव्यय)
3) पतिता :- त - प्रत्यान्त कर्मणि भूतकृदन्तम
4) करणीया :- विध्यर्थ कर्मणि कृदन्तम
5) बाधिता - कर्मणि भूतकृदन्तम

प्र.4. सन्धि योजयत ।

1) शिष्य : + अपृच्छत = शिष्योऽपृच्छत
2) पतित : + जन : = पतितो जन :
3) अत : + तत्र = अतस्तत्र
4) प्रगति : + तेषाम = प्रगतिस्तेषाम
5) गुरु : + अर्म = गुरुरर्म

Scanned with OKEN Scanner

प्र.5. अधोप्रदत्तानां पदानां समासप्रकारं लिखत ।

1) भाराधिक्येन - षष्ठी तत्पुरुष समास
2) आहारनिद्राभयादयः - इतरेतर द्वन्द्व समास ; बहुव्रीहि समास
3) संसारसमुद्रम् - कर्मधारय समास
4) सुखपूर्णम् - तृतीया तत्पुरुष समास

प्र.7. पुरुषवचनानुसारं शब्दरूपाणां परिचयं कारयत ।

| शब्दरूपम् | मूलशब्द : | विभक्तिः | वचनम् | शब्दार्थः |
|---|---|---|---|---|
| उदा., देशे | देश | सप्तमी | एकवचनम् | देशमां |
| 1) प्रवाहेण | प्रवाह | तृतीया | एकवचनम् | प्रवाह वडे |
| 2) अस्माकम् | अस्मद् (सर्वनाम) | षष्ठी | बहुवचनम् | अमारुं |
| 3) तीरेषु | तीर | सप्तमी | बहुवचनम् | किनाराओ पर |
| 4) व्यवहारान् | व्यवहार | द्वितीया | बहुवचनम् | व्यवहारोने |
| 5) परिवारात् | परिवार | पञ्चमी | एकवचनम् | कुटुंबथी |

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



પ્ર.૪. प्रश्नानाम् उत्तराणि गुर्जरभाषायां लिखत।

1) સાચું સુખ મેળવવા માટે કોણ યોગ્ય નથી?
→ જે માણસો પોતાની શક્તિનું અતિક્રમણ કરીને સામાજિક વ્યવહારો કરે છે, તેઓ વધુ પડતા ભારને કારણે ડૂબી જાય છે. ડૂબેલો માણસ સુખમય સંસારસાગરમાં પહોંચી શકતો નથી, અર્થાત્ તેવો માણસ સાચું સુખ મેળવવા માટે યોગ્ય નથી.

2) લેખક મનુષ્યોને કાષ્ઠખંડ જેવા શા માટે કહ્યા છે?
→ લેખક બધા મનુષ્યોને કાષ્ઠખંડો (લાકડાના ટુકડાઓ) જેવા કહ્યા છે કારણ કે, આપણું જીવન નદી છે. અને પરિવાર પ્રવાહરૂપ છે તેમાં સ્નેહરૂપી પાણી વહે છે. પોતાના પરિવારમાં જીવન જીવતા આપણે જો ચાર વિઘ્નો ન આવે. તો સુખથી ભરપૂર સંસારરૂપી સમુદ્રમાં પહોંચી શકીએ છીએ.

3) સમુદ્ર સુધી જવામાં કાષ્ઠખંડને ક્યાં ક્યાં વિઘ્ન આવી શકે છે?
→ (૧) કાષ્ઠખંડ સમુદ્ર તરફ વહેતો હોય ત્યારે પહેલું વિઘ્ન કાંઠા પરનું ભેડાણ હોય છે. (૨) બીજું વિઘ્ન છે, ભાર વધારે હોવાને કારણે પાણીમાં ડૂબવાની શક્યતા. (૩) ત્રીજું વિઘ્ન છે, પાણીમાંના વમળમાં ફસાવું અને (૪) ચોથું વિઘ્ન, નદીના પાણીથી વિખૂટું પડવું.

4) 'આવર્તપાત' એટલે નામના વિઘ્ન ને સમજાવો.
→ 'આવર્તપાત' એટલે પાણીના વમળમાં ફસાઈ જવું. કાષ્ઠખંડને સમુદ્ર સુધી પહોંચવામાં આવતાં ચાર વિઘ્નોમાં આ એક મોટું વિઘ્ન છે. કાષ્ઠખંડ વમળમાં ફસાઈ જાય તો નષ્ટ થઈ જાય અને સમુદ્ર સુધી પહોંચી શકે નહિ. કાષ્ઠખંડ જેવા મનુષ્યો જો સુખરૂપી સંસારસાગરમાં પહોંચવા ઈચ્છતા હોય તો તેમણે પણ આવર્તપાતનો સામનો કરવાનો હોય છે. એટલે કે તેમણે પણ વ્યસનોરૂપી

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education
shikshansagar.com

Page
Date

વમળમાં પડતાં બચવાનું હોય છે.

प्र.१. विभागद्वयं यथार्थरीत्या संयोजयत ।

1) आवर्तपातता - व्यसनेषु सततं पतनम्
2) तीरे संलग्नता - आहारादीनां सेवने सततं प्रवृत्तिः
3) जलवियोगः - परिवारात् प्रतिमुखत्वम्
4) जले निमग्नता - सामाजिकव्यवहाराणां भाराधिक्यम्

Scanned with OKEN Scanner

# SHIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી ૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN શિક્ષણ સાગર APPLICATION